# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર

જીસીસી પરિણામ જાહેરનામું :- ક્રમાંક:૨૫બ/જીસીસી/પરિણામ/૨૦૧૬/૨૪૭૦-૨૫૬૯

રાજ્ય પરીક્ષા બોર્ડના તારીખ ૨/૧૧/૨૦૧૫ ના જાહેરનામા ક્રમાંક: ૨૫બ/જીસીસી/ડિસે.૨૦૧૫/૫૦૭૬-૫૧૭૬ અન્વયે જીસીસી (ટાઇપ/સ્ટેનો)ની પરીક્ષા ૨૮ ડિસેમ્બર ૨૦૧૫ થી ૧ જાન્યુઆરી ૨૦૧૬ દરમ્યાન લેવામાં આવેલ હતી. આ પરીક્ષાનુ પરીણામ તારીખ ૧૪/૩/૨૦૧૬ના રોજ જાહેર કરવામાં આવેલ છે.

સંબંધિત ટાઇપ અને સ્ટેનોની સંસ્થાઓએ પોતાની ઇન્સ્ટિટ્યુટનાં ગુણપત્રકો અને પ્રમાણપત્રોનુ સીલબંધ કવર તથા ખાનગી વિદ્યાર્થીઓના ગુણપત્રકો અને પ્રમાણપત્રો બોર્ડની કચેરીથી રવાના કરવામાં આવશે.

જે ઉમેદવાર ગુણચકાસણી કરાવવા ઇચ્છતા હોય તેઓએ સંબંધિત સંસ્થા મારફત અને ખાનગી ઉમેદવારોએ સીધી બોર્ડની કચેરીમાં બોર્ડની વેબસાઇટ ઉપરથી મેળવેલ પરીણામના આધાર (બિડાણ) સાથે પરિણામની તારીખ થી દિન-૨૦માં અરજી સાથે " સચિવશ્રી,રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર" ના નામનો રૂ! ૧૦૦/- (અંકે રૂપિયા સો પુરા)નો ડિમાન્ડ ડ્રાફ્ટ(ડી.ડી) (તારીખ ૨/૪/૨૦૧૬ સુધીનો) મોકલવાનો રહેશે. જે ઉમેદવારો પોતાની ઉત્તરવહિઓનુ પુન: અવલોકન કરવા ઇચ્છતા હોય તેઓએ સંબંધિત સંસ્થા મારફત અને ખાનગી ઉમેદવારોએ સીધી બોર્ડની કચેરીમાં બોર્ડની વેબસાઇટ ઉપરથી મેળવેલ પરીણામના આધાર (બિડાણ) સાથે પરિણામની તારીખ થી દિન-૨૦માં અરજી સાથે " સચિવશ્રી,રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર" ના નામનો રૂ! ૩૦૦/- (અંકે રૂપિયા ત્રણસો પુરા)નો ડિમાન્ડ ડ્રાફ્ટ(ડી.ડી) (તારીખ ૨/૪/૨૦૧૬ સુધીનો) મોકલવાનો રહેશે. તેઓની અરજી બોર્ડને તારીખ ૫/૪/૨૦૧૬ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાનો રહેશે. ત્યારબાદ આવેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી.જીસીસી પરીક્ષા ડિસે.૨૦૧૫ ના પરીણામની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | ભાષા અને શ.ઝડપ | પાસ | નાપાસ | ગેરહાજર | કુલ | ટકાવારી |
|---|---|---|---|---|---|---|
| ૧ | અંગ્રેજી ટાઇપ-૪૦ | ૬૬૪ | ૪૭ | ૧૪૪ | ૮૫૫ | ૯૩.૩૯ |
| ૨ | અંગ્રેજી ટાઇપ-૫૦ | ૯૦ | ૩૫ | ૨૨ | ૧૪૭ | ૭૨.૦૦ |
| ૩ | અંગ્રેજી ટાઇપ-૬૦ | ૪૧ | ૨૪ | ૧૩ | ૭૮ | ૬૩.૦૮ |
| ૪ | ગુજરાતી ટાઇપ-૨૫ | ૪૨૫ | ૧૬૨ | ૧૧૧ | ૬૯૮ | ૭૨.૪૦ |
| ૫ | ગુજરાતી ટાઇપ-૩૫ | ૮૧ | ૫૦ | ૨૧ | ૧૫૨ | ૬૧.૮૩ |
| ૬ | ગુજરાતી ટાઇપ-૪૦ | ૯૪ | ૫૫ | ૨૭ | ૧૭૬ | ૬૩.૦૯ |
| ૭ | હિંન્દી ટાઇપ-૨૫ | ૧૦ | ૦૫ | ૦૩ | ૧૮ | ૬૬.૬૭ |
| ૮ | અંગ્રેજી સ્ટેનો -૬૦ | ૨૦ | ૬૧ | ૨૮ | ૧૦૯ | ૨૪.૬૯ |
| ૯ | અંગ્રેજી સ્ટેનો -૮૦ | ૭૬ | ૧૫ | ૨૫ | ૧૧૬ | ૮૩.૫૨ |
| ૧૦ | અંગ્રેજી સ્ટેનો -૧૦૦ | ૨૮ | ૯૮ | ૧૯ | ૧૪૫ | ૨૨.૨૨ |
| ૧૧ | અંગ્રેજી સ્ટેનો -૧૨૦ | ૧૧ | ૭૧ | ૨૬ | ૧૦૮ | ૧૩.૪૧ |
| ૧૨ | ગુજરાતી સ્ટેનો -૬૦ | ૧૦૦ | ૮૮ | ૬૦ | ૨૪૮ | ૫૩.૧૯ |
| ૧૩ | ગુજરાતી સ્ટેનો -૭૫ | ૬૮ | ૨૦૪ | ૭૦ | ૩૪૨ | ૨૫.૦૦ |
| ૧૪ | ગુજરાતી સ્ટેનો -૯૦ | ૧૮ | ૭૦ | ૧૯ | ૧૦૭ | ૨૦.૪૫ |
| ૧૫ | હિન્દી સ્ટેનો -૭૫ | ૦૧ | ૦૨ | ૦૧ | ૦૪ | ૩૩.૩૩ |
| | કુલ | ૧૭૨૭ | ૯૮૭ | ૫૮૯ | ૩૩૦૩ | ૬૩.૬૩ |

અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર